સંદેશ, પાના નં. ૦૨ તા. ૦૨.૦૬.૨૦૨૪

## જુલાઈ અંત સુધી મોટેરા ગાંધીનગર મેટ્રો શરૂ થશે | ચાર મેટ્રો ટ્રેન મુકીને સુઘડ કેનાલ પુલ પર લોડ ટેસ્ટિંગ થયું, ૨૮ કિમીના અંતરે ૨૨ સ્ટેશન




ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રો ટ્રેન શરૂ કરવા છેલ્લા ઘણા સમયથી ધમધોકાર તૈયારીઓ ચાલી રહી છે. આ મેટ્રો ટ્રેન જુલાઈના અંત સુધીમાં દોડતી થઈ જશે તેમ જણાવાઈ રહ્યું છે. તેના માટે શનિવારે સુઘડ નર્મદા કેનાલ પરના કેબલ સ્ટેડ પુલ પર ચાર મેટ્રો ટ્રેન એકસાથે મૂકીને તેનું લોડ ટેસ્ટિંગ કરાયું હતું. મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર તથા ગિફ્ટ સિટી લિંક સુધીના આ પ્રોજેક્ટમાં અંદાજે ૨૮ કિમીના અંતરમાં ૨૨ સ્ટેશનો આવશે.